# પ્રકરણ : ૧૪

## બે સજ્જનો વચ્ચે પ્રમાણિક વાદ-વિવાદ

**-કેરસી દેબુ**

જૂના મુંબઈ રાજયમા મોરારજીભાઈ પહેલા ગૃહપ્રધાન અને પછી મુખ્યપ્રધાન તરીકે રહ્યા હતા. તે દરમ્યાન મુંબઈ હાઈકોર્ટના મુખ્ય ન્યાયાધીશ શ્રી મહમદ કરીમ ચાગલા નામે વિદ્વાન મુસ્લિમ (ખોજા) સજ્જન હતા. શ્રી ચાગલા લંડનમા ભણીને ભારત આવ્યા હતા અને મુંબઈ હાઈકોર્ટમા શરૂઆતમા મહમદ અલી ઝીણાના જુનીયર તરીકે વકીલાત કરી હતી. ત્યારબાદ તે જમાનાના બાહોશ ધારાશાસ્ત્રી સર જમશેદજી કાંગાના જુનીયર તરીકે પણ રહ્યા હતા. મુંબઈ રાજયના ચીફ જસ્ટીસ તરીકે અનેક સીમાચિન્હરૂપ ચુકાદાઓ આપ્યા હતા. કોઈની પણ શેહશરમમા આવ્યા વિના મહત્વના ચુકાદા સરકાર વિરૂધ્ધ આપ્યા હતા.

ગૃહપ્રધાન તરીકે મોરારજીભાઈ આમ તો ચાગલા સાહેબના મિત્ર હતા પરંતુ સરકાર વિરૂધ્ધ આપેલા કેટલાક ચુકાદાના કારણે સરકાર હાસ્યાસ્પદ સ્થિતિમા મુકાતી હતી અને મોરારજીભાઈ અકળાતા હતા. મિત્રભાવે મોરારજીભાઈ ચાગલાજીને કોઈ ફેવર કરવા દબાણ કરતા ન હતા તો સામે પક્ષે ચાગલાજી પણ મોરારજીભાઈના પ્રભાવમા આવી કોઈ ન્યાય તોળે એવી શકયતા ન હતી. આ બાબતમા બંને પુરા પ્રમાણિક હતા.

મોરારજીભાઈની આત્મકથા "મારૂં જીવનવૃતાંત" મા મોરારજીભાઈએ ચાગલાજી સાથેના પત્રવ્યવહાર અને વિવાદની "ન્યાયતંત્ર અને વહીવટીતંત્ર" પ્રકરણમા લાંબી ચર્ચા નીચે પ્રમાણે કરી છે.

"મારો અને શ્રી ચાગલાનો અંગત સંબંધ સારો હોવા છતાં રાજકારણી પ્રશ્નો અંગે અમારી વચ્ચે કેટલીક વાર વૈચારિક અથડામણ થઈ જતી હતી. શ્રી ચાગલાને રાજકારણ પ્રત્યે આકર્ષણ હતું કારણ કે ન્યાયતંત્રમા જોડાતાં પહેલા એ રાજકારણમાં સારો એવો રસ લેતા હતા અને એને લગતી પ્રવૃતિઓમા ભાગ પણ લેતા હતા. એ રાજકારણનું આકર્ષણ ઘણી વખત એમની પાસેથી રાજ્યની ટીકા પણ કરાવતું હતું. એ વિશે અમારી વચ્ચે ઘણી ચર્ચા થઈ હતી અને લાંબો પત્રવ્યવહાર પણ ચાલ્યો હતો. એ પત્રવ્યવહાર પરથી શ્રી ચાગલાનું અને મારૂં વલણ સ્પષ્ટ થયું હતું. આ પત્રવ્યવહારને અંતે શ્રી ચાગલાએ મારો સદ્દભાવ સ્વીકાર્યો હતો અને એથી મને આનંદ થયો હતો. શ્રી ચાગલા એક સારા ન્યાયાધીશ તરીકે તો પંકાયા હતા જ, પરંતુ રાજકારણમાં એમનાં જે કેટલાંક મંતવ્યો અને પૂર્વગ્રહો બંધાયેલાં હતાં એને કારણે એઓ ઘણીવાર સરકારની ટીકા કરી બેસતા હતા. આનો અનુભવ મને ૧૯૫૨ ની આખરમાં તીવ્રપણે થયો હતો. એ વખતે મારે એમની સાથે એક રાત્રિખાણાની પાર્ટીમાં આ બાબત સારી જેવી ચર્ચા થઈ હતી અને એણે ઉગ્ર સ્વરૂપ પકડયું હતું. એ વાતચીતની નોંધ મેં તુરત જ ઘેર પહોંચ્યા પછી કરી લીધી હતી અને એના પરથી એ પ્રસંગે શું બન્યું હતું તેનો ખ્યાલ વાચકને તુરત જ આવશે એટલે એ વિશે કશી વધુ ટીકા કરવાનું અહીં યોગ્ય લાગતું નથી.

અમારી વચ્ચેન ઘર્ષણનું એક બીજું કારણ હાઈકોર્ટના એક ન્યાયધીશની નિમણુંક પણ બન્યું હતું. શ્રી પી.એમ.લાડ સનદી નોકર હતા. સ્વતંત્રતા પ્રાપ્ત કર્યા પછી સનદી નોકરોમાંથી જેઓ ન્યાયખાતામાં હતા તેઓ પાછા વહીવટી તંત્રમાં આવી ગયા હતા પરંતુ શ્રી લાડ ન્યાયખાતામાં જ ચાલુ રહ્યા હતા અને વહીવટી ખાતામાં આવવા માગતા ન હતા. એમને અમે રાજયના કાયદા-સલાહકાર તરીકે એટલે કે એડવાઈઝર ઈન લીગલ એફેર્સ તરીકે નીમ્યા હતા અને એમનું એ કામ તેઓ સુંદર રીતે બજાવતા હતા. અમે પણ કાયદાના ઘડતરમાં અગર જયાં જયાં કાયદાનો સવાલ આવે ત્યાં ત્યાં એમની સલાહ લેતા હતા અને તેઓ ખૂબ જ સ્વાતંત્ર અને નિષ્પક્ષ રીતે એમને

જે સાચું લાગે એ પ્રમાણે અભિપ્રાય આપતા હતા. હાઈકોર્ટમાં લગભગ બાર-તેર બાબતોમાં અમારી સામે ચુકાદા આવ્યા હતા અને સુપ્રિમ કોર્ટમા અપીલમા જતાં ઘણી અપીલોમાં અમારી જીત થઈ હતી. એમાં શ્રી લાડે અમને ખૂબ મદદ કરી હતી. શ્રી ચાગલાને આથી શ્રી લાડ પ્રત્યે કોઈક પૂર્વગ્રહ બંધાઈ ગયો હતો અને એ એમને પસંદ કરતા ન હતા. શ્રી લાડ કાબેલ કાયદાશાસ્ત્રી હતા અને તેથી અમે એમની ભલામણ હાઈકોર્ટના ન્યાયાધીશ તરીકે કરી હતી પરંતુ શ્રી ચાગલાએ એનો વિરોધ કર્યો હતો.

કેન્દ્રમાં તે વખતે ગૃહમંત્રીપદે ડૉ. કૈલાસનાથ કાત્જુ હતા. મેં એમને ખૂબ આગ્રહપૂર્વક શ્રી લાડની નિમણૂંક કરવા માટે લખ્યું હતું. ડૉ. કાત્જુને મારી વાત વાજબી લાગતી હતી. તેમ છતાં મુંબઈ હાઈકોર્ટમાં ચીફ જસ્ટીસના વિરોધમાં નહીં પડવા માટે તેઓ અમને મનાવવા માગતા હતા. મેં તેથી ડૉ. કાત્જુને ખૂબ આગ્રહપૂર્વક હકીકત અને દલીલો સાથે લખ્યું હતું કે આમાં શ્રી લાડને હડહડતો અન્યાય થાય છે અને જો પૂર્વગ્રહને લઈને આ જાતનો અન્યાય કરવા દેવામાં આવે તો ભવિષ્યમાં હું હાઈકોર્ટની નિમણુંકની ભલામણ અંગે કશું બોલીશ નહીં કારણ કે, આ મારા માટે સ્વમાનનો એક સવાલ છે.

આમ, આ નિમણુંક અટકી ગઈ હતી એટલે ડૉ. કાત્જુ બીજાની નિમણુંક કરતા પણ અટકી ગયા હતા અને શ્રી લાડને નીમવાની એમની હિંમત હતી નહીં. આ ગજગ્રાહ ઘણા મહિનાઓ સુધી ચાલ્યો. છેવટે શ્રી લાડને એમ લાગ્યું કે આવી જાતનું ઘર્ષણ થતું હોય અને જો ચીફ જસ્ટિસનો એમની સામે આટલો અંગત વિરોધ હોય તો હાઈકોર્ટમા જઈને કામ કરવાનું એમને માટે શ્રેયસ્કર નહીં બને એથી એમને પોતાને પણ મનદુ:ખ ભોગવવું પડે એટલે એમણે મને વિનંતી કરી કે મારે એમને નીમવાનો આગ્રહ છોડી દેવો એ જ ઉત્તમ રસ્તો છે. એમની આ વાતમાં તથ્ય હતું અને એમણે પોતે જ એ પ્રમાણે ઈચ્છા દર્શાવી એટલે મેં આગ્રહ કરવો છોડી દીધો. પછી એમને કેન્દ્રમાં કાયદાખાતામાં સચિવ તરીકે નીમવાને માટે મેં ભલામણ કરી હતી અને એ પ્રમાણે એઓ નીમાયા હતા. એ સ્થાને ખૂબ જ કુશળતાપૂર્વક અને કેન્દ્રને સંતોષ થાય એ રીતે શ્રી લાડે પોતાનું કાર્ય કર્યું હતું. કામમાં તેઓ એટલા બધા રચ્યાપચ્યા રહેતા હતા કે છેવટે એમની તબિયત બગડી એની પણ એમણે બહુ ચિંતા કરી નહીં અને એમાંથી અંતે એમનું મૃત્યુ થયું.

મોરારજીભાઈની આત્મકથામા કહેવાયેલી વાતો મોટાભાગે એકતરફી વધુ લાગે છે એટલે સામા પક્ષની વાતો પણ જાણવી જરૂરી હોવથી અમે જસ્ટીસ શ્રી ચાગલાજીની આત્મકથા "Roses in December" માંથી કેટલીક વિશેષ માહિતી મેળવી જે તેઓના શબ્દોમા જાણીએ.

"મોરારજીભાઈ સાથે ઘર્ષણનો પહેલો પ્રસંગ ડીસ્ટ્રીકટ મેજીસ્ટ્રેટ તરીકે શ્રી લાડની નિમણુંક પ્રસંગે આવ્યો. સરકાર તરફથી શ્રી લાડના નામની ભલામણ આવી હતી જે મેં નકારી કાઢી હતી. જેના કારણે મોરારજીભાઈએ કારણો જાણવા પત્ર લખ્યો હતો. ન્યાયાધીશની નિમણુંક માટે કેટલાક નિયમો હોય છે. એ જરૂરી નથી કે સરકાર ભલામણ કરે તે મુખ્ય ન્યાયાધીશ સ્વીકારી લે. શ્રી લાડના કિસ્સામાં શ્રી લાડ પહેલા વહીવટીતંત્ર સાથે સંકળાયેલા હતા એટલે ન્યાયતંત્રમા આવતા પહેલા જીલ્લા કક્ષાએ ન્યાયાધીશ તરીકે અનુભવ હોવો જરૂરી હતો તથા બંધારણના નિયમ પ્રમાણે સરકાર પક્ષે નામ મોકલતા પહેલાં ચીફ જસ્ટીસ સાથે ચર્ચા કરી નામ મોકલવું જરૂરી હતું જે નિયમનું પાલન કર્યું ન હતું. . નવા ડીસ્ટ્રીકટ જડજની નિમણુંક કરતા પહેલા સરકારની મંજુરી પણ જરૂરી હતી. સરકાર મંજુરી ન આપે તો નવી નિમણુંક અટકી પડે આ સંજોગોમા અમે મોરારજીભાઈને નિયમ અનુસાર યોગ્ય હોય એવી ત્રીજી વ્યક્તિની ભલામણ કરવા વિનંતિ કરી પરંતુ મોરારજીભાઈએ જવાબમાં એવું કહ્યું કે અમે બીજી ભલામણ નહી કરીએ તો શું કરશો? "

સરકારે ભલામણ કરેલ નામને જે રીતે ચીફ જસ્ટીસને નામંજુર કરવાની સત્તા હતી તે જ પ્રમાણે સરકારને પણ ચીફ જસ્ટીસે રજુ કરેલ નામ ન સ્વીકારવાની સત્તા હતી પરંતુ આ સંજોગોમા ચીફ જસ્ટીસને બીજી ન્યાયાધીશના નામની દરખાસ્ત કરવા જણાવવામાં આવે."

તેઓ આગળ લખે છે આ સમયે મુંબઈ રાજયના મુખ્યમંત્રી તરીકે શ્રી બી.જી.ખેર હતા અને ગૃહપ્રધાન તરીકે શ્રી મોરારજીભાઈ હતા. શ્રી બી.જી.ખેર ખૂબ જ નમ્ર અને ભલા હતા પરંતુ સંપૂર્ણપણે મોરારજીભાઈના પ્રભાવ હેઠળ હતા. અહીં મોરારજીભાઈએ કરેલી ભલામણનો અસ્વીકાર થતા મોરારજીભાઈ અકળાયા હતા

અમે બંને મક્કમ હતા. મોરારજીભાઈએ તો લગભગ ધમકીની ભાષામાં જણાવ્યું કે અમે બીજા કોઈ નામની ભલામણ નહી કરીએ તો તમે શું કરશો ત્યારે મારો જવાબ પણ સ્પષ્ટ હતો કે "જેટલા ન્યાયાધીશ છે એટલાથી હું ચલાવી લઈશ."

"અમારા વચ્ચે સખત શબ્દોમાં પત્ર વ્યવહાર થયો અને આખરે મોરારજીભાઈએ નમતું જોખી ને મારા ભલામણ કરેલા જડજની નિમણુંકની મંજુરી આપી જે જડજ ખુબ જ સફળ રહ્યા."